॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | કારતક વદ : ૦૩ | શુક્રવાર | તા.: ૧૧.૧૧.૨૦૨૨ | SDP No. : 932 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

ક્રિકેટ માં બીલીમોરા ની હેતવી ભવાણી નું ઉત્તમ પ્રદર્શન, કુ. હેતવીનું નેશનલ લેવલે સિલેક્શન

હેત્વી ની ટીમ ફાઇનલ માં વિજય પ્રાપ્ત કર્યો.

Winner of Inter- District Tournament Team Baroda -B

બીલીમોરા સમાજ ને પણ ગૌરવ થાય તેવું ક્રિકેટ ની રમત માં હેત્વી ભાવણી નો સુંદર દેખાવ.બીલીમોરા સમાજની દીકરી હેતવી શાંતિલાલ ભાવણી (એમ.જે.પટેલ & કંપની.) જે બરોડા ક્રિકેટ એસોસીયેશન ની - અંડર-19 ટીમ માંથી રમી પોતાની ને ટીમને વિજયી બનાવવામાં પોતાની રમત નું ઉત્તમ પ્રદર્શન કરી ટીમ જીતવામાં સિંહફાળો આપી બીલીમોરા સમાજ તથા ભાવાણી પરીવાર ને ગૌરવ થાય તેવું કાર્ય કરેલ છે..

હેતવી અને એમના પરિવાર ને બીલીમોરા સમાજ,યુવક મંડળ તથા મહિલા મંડળ વતી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

સ્પોર્ટ્સ મિશન યુવાસંઘ અભિનંદન પાઠવે છે અને શ્રીસમાજ પ્રચાર અને પ્રસાર સમીતી યુવા દીકરી હેત્વી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. અને ઉજવળ કારકિર્દી માટે શુભ કામનાઓ પાઠવે છે.અત્રે બીલીમોરા યુવાઓ જે પણ ખાસ બિરદાવવા જરૂરી છે કે તેમનું લાસ્ટ સંજય ફાર્મ માં દક્ષિણ ગુજરાત નાં યુવાઓ માટે ક્રિકેટ નું આયોજન કરેલ તેમાં આવી દિકરીઓને પણ બોયઝ ટીમ માં ખેલાડી તરીકે રમવાની ઉત્તમ તક આપી હતી કે જેના કારણે આવી દીકરીઓ નો હોંસલો બુલંદ બન્યો ને આવા પરિણામ પ્રાપ્ત થાય છે..

સંયોજક

મહેન્દ્ર સાંખલા - બીલીમોરા

ધામ - માં ઉમિયાધામ નાં પરિસર માં... સ્વ. દમયંતીબેન જીવરાજભાઈ હળપાણી ના પુણ્યતિથિ નિમિતે ભારતી દીદી ગૌશાળા સંસ્થા, નાગપુર ના લાભાર્થે શ્રીમદ્ દેવી ભાગવત કથા દેવી શક્તિધામ -માં ઉમિયા ધામના પાવન પ્રાંગણમાં કથા તારીખ ૧૧- ૧૧- ૨૦૨૨ થી ૧૯-૧૧-૨૦૨૨ નાં શુભ દિવસો માં નવ દિવસ નું દિવ્ય મોક્ષદાયી ગાથા નું ધાર્મિક આયોજન કરવામાં આવેલ છે. સુરત ના સુપ્રસિદ્ધ વક્તા પૂજ્ય શ્રી જીજ્ઞેશ દાદા નાં મુખારવિંદ થી આ કથાનો લાભ નાગપુર સમાજ ના પરીવાર જનો તથા સમસ્ત ભારત ભર માંથી આવેલ મથલ ગામના અનેક વડીલો અને આપણા જ્ઞાતિજનો આનો લાભ લેશે. સાથે વ્યાસપીઠ પર થી ભવ્ય શોભા યાત્રા આરંભ કરવામાં આવશે. આ કથા ઉમિયા મંદિર નાં સુંદર વાતવરણ માં આયોજન કરવામાં આવેલ છે. સુંદર મંડપ નિર્માણ અને અન્ય વ્યવસ્થાઓ સભર આ ગોકુલ્યું નાગપુર બનવા જઈ રહ્યું છે.

માં ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટ, નાગપુર દ્વારા આયોજિત શ્રીમદ દેવી ભાગવત કથા નું આયોજન દેવી શક્તિ

દયાપર માં કમલેશ્વર મહાદેવ સેવા ટ્રસ્ટ દ્વારા હનુમાન ચાલીસા કથાનો આજ થી આરંભ કરવામાં આવશે.

મુખ્ય યજમાન હસમુખ પોકાર અને ગામ નાં સરપંચ જેવા અનેક વિદ્વાન વ્યક્તિ દ્વારા વિજયસ્થંભ રોપણ કરવાનું કાર્ય થઈ ગયું છે.

વિશાખાપટ્ટનમ પધારશે નરેન્દ્રભાઈ મોદી વડા પ્રદાન

આપણા લોક લાડીલા પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી આવતી 11 અને 12 તારીખ ના વિશાખાપટનમ આવી રહ્યા છે.

તા- 11 ના સાંજે 6-00 વાગ્યાથી 6-45 સુધી રોડ શૉ કરવાના છે, બીજેપી પાર્ટી દ્વારા ખાશ ગુજરાત, એમ પી , યુપી, બિહાર , રાજસ્થાન,ઝારખંડ વગેરે ના લોકો માટે રોડ શૉ નું આયોજન કરેલ છે, (મારુતિ સર્કલ - ડોકયાર્ડ રોડ) રોડ શૉ માં મોદીજી પગે ચાલવાના છે.

આપણે સર્વે રોડ ની બાજુએ ઉભા રહેવાનું છે. ફૂલ વગેરે પાર્ટી દ્વારા આપવામાં આવશે. ચાય પાણી નાસ્તા ની વ્યવસ્થા પણ પાર્ટી દ્વારા કરવામાં આવશે.

આ રોડ શૉ માં ભાગ લેવા પાર્ટી દ્વારા બસ ની વ્યવસ્થા કરવામાં આવેલ છે. પાર્ટી દ્વારા આપણી સમાજ ને 3 બસો ની(50×3=150 જણા) ફાળવણી કરવામાં આવેલ છે. બસ માં સવાર દરેક પેસેન્જર ને ટેગ લગાડવામાં આવશે. ટેગ લગાડનાર જ રોડ શૉ માં ભાગ લઇ સકસે.

પાર્ટી બસ સિવાય કોઈ પણ પ્રાઇવેટ વાહન ને રોડ શૉ માં એન્ટ્રી નથી, બસ માં જ જવાનું અને પાછા આવવાનું રહેશે.

બસ 11 તારીખના સાંજે 4 વાગ્યે સમાજવાડી ખાતે આવશે. ઉપરોક્ત રોડ શૉ માં જેમને ભાગ લેવો હોય તેઓ પોતાનું નામ સમાજ મંત્રીશ્રી જયંતીલાલ સેંઘાણી ના મોબાઈલ - 9393 10 2234 ઉપર વ્હોટસેપ દ્વારા (વહેલા તે પહેલા ધોરણે) આજ સાંજ 7 વાગ્યા સુધી નોંધાવશો.

રોડ શૉ માં ભાગ લેતા ભાઈઓ અને બહેનો ને વિનંતી કે આપણે ગુજરાતી તરીકે અલગ દેખાઈ રહીએ તે માટે બની શકે ત્યાં સુધી ભાઈઓએ કુરતા-પાયજામા અને બહેનો એ ગુજરાતી સાડી પહેરવાની.

આવી રીતનો રોડ શૉ પહેલીવાર થતો હોવાથી દરેક સભ્યોને આ રોડ શૉ માં ભાગ લેવા સમાજ વતી વિંનતી.

તા:- 12-11-22 નાં સવારનાં 9-00 વાગ્યે વિસાખાપટ્ટનમ રેલવે ઝોનના મુખ્ય કાર્યાલય નું પાયાવિધી નો કાર્યક્રમ છે. ત્યારબાદ આંધ્ર યુનિવર્સિટીના વિસાળ ગ્રાઉન્ડમાં સભાનું આયોજન રાખવામાં આવેલ છે.

અવસાન નોધ

સ્વ. વાલજીભાઈ અબજી પાંચાણી
ઉંમર 82 વર્ષ | 08/11/2022
કચ્છ માં : કોટડા (જડોદર) સ્થાનિક

સ્વ. છગનભાઈ ભીમજી ભીમાણી
ઉંમર 46 વર્ષ | 10/11/2022
કચ્છ માં : દેવપર (યક્ષ)સ્થાનિક

કડોદરા માં થયો ૧૦૮ કુંડી મહાયજ્ઞ નો આરંભ

કડોદરા માં થયો આજે ૧૦૮ કુંડી મહાયજ્ઞ નો આરંભ

૦૯ તારીખ નાં સવારે ૧૧૧૧ મહિલા શકિતઓ દ્વારા કળશ યાત્રા દ્વારા શોભાયાત્રા નું ભવ્ય આયોજન

૧૧૧૧ કળશ અને સુંદડી તમામ ને અર્પણ કરવામાં આવતા પહેલા સુશોભિત કરવામાં આવેલ.

પ્રકૃતિ સાથે જોડાયેલ આખા મંડપ જે માં ત્રણ ભાગ છે જેમાં મધ્ય માં મુખ્ય યજમાન કરજે

કડોદરા માં ૧૦૮ કુંડી મહાયજ્ઞ નાં પ્રધાન કુંડ નાં યજમાન તરીકે અશોકભાઈ પોકાર લક્ષ્મીનારાયણ સ્વરૂપે.. બને દિવ્યાંગ ને આ સુંદર તક મળી છે જે એક અદભુત સમાજ માટે અદભુત ઘટના બની છે.

કડોદરા સમાજના પૂર્વ પ્રમુખ અને કેન્દ્રીય સમાજ ના ઉપપ્રમુખ ભાણજીભાઇ અને ગંગાબેન પોકાર મુખ્ય પ્રધાન યજમાન પદે .

સવારે ૧૧૧૧ મહિલા સાથે કળશ યાત્રા પોથી યાત્રા નો પ્રારંભ કરવામાં આવ્યો.

જેમાં આપ સહુ ને આમંત્રણ છે. રોજ ૮.૩૦ સવારે કળશ યાત્રા માં જેટલા કળશ આવ્યા તેની પ્રદક્ષિણા માં જોડાઈ સકો છો અને યજ્ઞ માં યજમાન પણ.

ગઈ કાલે 03 pm વાગે કળશ યાત્રા બાદ યજ્ઞ પ્રજ્વલિત કરવામાં આવેલ

આજે ૧૦ તારીખ થી ૧૮ તારીખ સુધી ૧૦૮ કુંડી મહાયજ્ઞ માં આપ ૦૮ દિવસ સવારથી બપોર સુધી અને બપોર પછી ભગવદ્ કથા તેમજ સાંજે ભવ્ય મહા આરતી નો લાભ જેમ જેવી અનુકૂળતા લઈ શકો છો.

સર્વ જ્ઞાતિ પર્યાવરણ કલ્યાણ કાજે આ ૯૭ મો મહાયજ્ઞ નો લાભ ફૂદરતી રીતે કડોદરા આસપાસ નાં વિસ્તાર ને મળ્યો છે. જેમાં વૈદિક શાસ્ત્રો નાં જાણકાર કાશી જેવી વિદ્યાપીઠ નાં બ્રાંમણો દ્વારા આ યજ્ઞ કરવામાં આવશે..

આપ એક દિવસ કે નો લાભ આહુતિ નો પણ મેળવી સકો છો.

આપ સહુ ને આમંત્રણ છે..

દક્ષિણ ગુજરાત શકિત પીઠ ની મહિલા શકિતઓ ખાસ આમંત્રણ અન્ય ને પણ આપે અને જરૂરી સેવા યજ્ઞ માં પણ જોડાય.બપોર અને સાંજ નાં પ્રસાદ ની વ્યવસ્થા પણ છે જરૂર લાભ લેશો .અનોખો અકલ્પનીય અદભુત શોભા યાત્રા સર્વ જ્ઞાતિ નાં સુખાકારી કલ્યાણકારી પર્યાવરણ સુધી કાજે...

શ્રી શ્રી ૧૦૦૮ હરીઓમ જી મહારાજ ત્રિપુરા પીઠાધિશ્વર ની ઉપસ્થિતિ માં મહા આરતી અને મહાયજ્ઞ.

આયોજન ટીમ ૯૭ મહાયજ્ઞ કડોદરા, ૦૯ તારીખ નવેમ્બર થી ૧૮ તારીખ સુધી..

કચ્છ માં ભાજપ નાં ઉમેદવાર નક્કી કરી જાહેર કરવામાં આવ્યા.

ક્રિકેટ માં કાઠું કાઢનાર રવીન્દ્ર જાડેજા નાં પત્ની રેવાબા નેં ગુજરાત નાં ઇલેક્શન માં ચુંટણી નાં ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા.

Ravindra Jadeja's wife Rivaba to contest Gujarat Assembly elections on BJP ticket

Cricketer Ravindrasinh Jadeja's wife Rivaba Jadeja will contest Gujarat Assembly elections from Jamnagar North constituency on BJP ticket, the party announced on Thursday. Gujarat CM Bhupendra Patel will contest from Ghatlodia, while Hardik Patel is being fielded from the Viramgam constituency. BJP announced the names of candidates from 160 constituencies today.

સરદારના ચરણોમાં આભારપત્ર અને માફીપત્ર! - હરિકૃષ્ણ શાસ્ત્રી

"સન નેવર સેટ્સ ઇન બ્રિટિશ એમ્પાયર!" આ કહેવત બની હતી, 1850ની આસપાસ. "બ્રિટિશ સામ્રાજ્યમાં ક્યારેય સૂર્ય અસ્ત થતો નથી!" આ પંક્તિનો અર્થ એટલો જ થતો કે દુનિયાના પાંત્રીસથી વધારે દેશો પર બ્રિટિશર્સ એક યા બીજી રીતે હકુમત ચલાવતા. આજે એ બ્રિટિશરોની દુર્દશા એવી છે કે "કોમનવેલ્થ ગેમ" એ જ એક એવું માધ્યમ રહ્યું છે, કે તેનાથી ક્વીન એલિઝાબેથ અને બ્રિટન આજ સુધી જે તે દેશોને યાદ કરાવતા રહ્યા છે કે તમે લોકો વર્ષો સુધી બ્રિટિશ સત્તા હેઠળ સંકળાયેલા હતા, એટલું યાદ રાખજો!!

તેમાંય વળી આ વર્ષની દિવાળીએ તો ઇતિહાસની કરવટ એવી ખાતરનાક રીતે બદલી છે, કે ઋષિ સુનક જેવો 42 વર્ષનો ભારતીય હિન્દુ યુવાન, બ્રિટનનો કદ્દાવર નેતા થઈને ઊભરી ઊઠે છે! અને તે પણ કન્ઝર્વેટિવ પાર્ટીમાં ! કન્ઝર્વેટિવ શબ્દનો સાદો અર્થ તો ખ્યાલ છે ને ? જૂનવાણી, સંકુચિત કે મર્યાદિત વિચારધારા સાથેની રાજકીય પાર્ટી!

આ અંગે આખું ભારત ગૌરવ લે તે જરાય ખોટું નથી. પરંતુ આવનારા સમયમાં તેલ પણ જોવાનું છે, અને તેલની ધાર પણ જોવાની છે.

જો કે બ્રિટનના નવા વડાપ્રધાન ઋષિ સુનકે ત્રણ મુખ્ય સ્ટેટમેન્ટ આપીને ભારતની રાજકીય વિચારધારાની ઘણી નજીક હોવાનો સંકેત તો આપી જ દીધો છે.

એકઃ ચીનને બ્રિટન તરફથી વિશ્વને જોખમમાં મૂકતાં કોઈપણ નિર્ણયોમાં સહકાર મળશે નહીં. બીજું: પી. ઓ. કે. માટે ભારત જ હકદાર છે... અને ત્રીજું: રશિયા અને યુક્રેન યુદ્ધ સમાપ્ત કરે...

એક ભારતીય યુવાન પોતાના બુદ્ધિબળ, કર્તવ્યબળ, કાબેલિયત અને રાજકીય બળથી બ્રિટનનો સર્વોચ્ચ હોદ્દો હાંસલ કરે છે, ત્યારે અહીં મફતમાં મનોરંજન પીરસનારા કોંગ્રેસી નેતાઓ જયરામ રમેશ કે શશી થરૂર કામ વિનાના કૂદકા મારીને કોંગ્રેસના ધોવાણને વધારે ગતિ આપવાની હીનચેષ્ટા કરે છે!એ લોકો કહે છે કે લઘુમતીને આવડો ઊંચો હોદ્દો આપવા માટે બ્રિટને જે ભાઈચારો બતાવ્યો છે, તેમાંથી ભારતે કંઈક શીખવાની જરૂર છે! સ્કિઝોફેનિક થઈ ગયેલા આ લોકોને એ વાત યાદ આવતી જ નથી કે ઋષિ સુનકને બ્રિટનની પ્રજાએ ચૂંટીને મોકલ્યા નથી, તેમની પાર્ટીની ત્રણ-ત્રણ પ્રધાનમંત્રીઓ નિષ્ફળ ગયા પછીની મજબૂરીએ પસંદ કર્યા છે.

અને એ પણ યાદ આવતું નથી કે ભારતમાં સર્વોચ્ચ સંવૈધાનિક પદ રાષ્ટ્રપતિની ખુરશી પર અત્યાર સુધી લઘુમતી આબાદીમાંથી ત્રણ મહાનુભાવો બેસી ચૂક્યા છે, અને આવું પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન કે ઈરાન, ઈરાકમાં બનવું અસંભવ છે!

આવા સમયે સરદાર પટેલ યાદ આવ્યા વિના રહેતા નથી. આજે એ મહાન રાજપુરુષનો જન્મ દિવસ છે, જેમને મહાત્મા ગાંધી "વન મેન આર્મી" કહેતા. જેમને ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ "સંગઠન અને સમજાવટની શક્તિમાં બેજોડ" કહેતા. જેમને આનંદશંકર ધ્રુવ અને ગોવર્ધનરામ ત્રિપાઠી "દેશહિતચિંતક" કહેતા અને જેમને માટે મહર્ષિ અરવિંદે સહજ રીતે સ્નાન કરતાં કરતાં આ ટિપ્પણી આપી હતી કે "આજના તમામ નેતાઓમાં સરદાર પટેલ એક જ દૃઢ માણસ છે...!"આજકાલ જે નેતાઓ કોંગ્રેસમાં "કામ કરે છે" કે પછી જાણતાં-અજાણતાં કોંગ્રેસના ધોવાણનું "કામ કરે છે", તેમણે સરદાર પટેલ અને પં. જવાહરલાલ નેહરુ બંનેની કાર્યશૈલી પર થોડો પ્રકાશ પાથરનાર પુસ્તક "વિઝ્નેટ્સ ઑફ ઈન્ડિયા" ના થોડા ફકરાઓનો અવારનવાર પાઠ કરવાનો નિયમ લેવો જોઈએ.

તેના લેખક પર્સિવલ ગ્રિફિથ્સ 1922થી સિવિલ સર્વિસના આઈ.સી.એસ. અધિકારી હતા. અને હાલનું બાંગ્લાદેશ જે તે સમયે ભારતમાં હતું, તેના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે તેમણે કામ કર્યું હતું. 40 વર્ષ સુધી હિન્દુસ્તાન સાથે સંકળાઈ રહેલા એ અધિકારીએ સરદાર અને પં. નહેરુ વિશે આ શબ્દોમાં પોતાનું તીક્ષ્ણ નિરીક્ષણ આપ્યું છે.

પંડિત નેહરુના વ્યક્તિત્વ વિશે તેઓ થોડાં વિરોધાભાસી વલણોની ચર્ચા કરીને લખે છે કે "આટલાં બધાં વિરોધાભાસી તત્ત્વવાળો સ્વભાવ ધરાવનાર વ્યક્તિનું વર્ણન કરવું સહેલું નથી. નેહરુ લોકશાહી અને સંસદીય પદ્ધતિમાં ધર્માંધ કહી શકાય તેટલો વિશ્વાસ ધરાવતા હતા. છતાંય એ "પદ્ધતિ"ની અંદર રહીને જ તેમને "માલિક" બનવાની ભાવના સતત રહ્યા કરતી! ભારતીય અને વૈશ્વિક રાજકારણ વિશે નહેરુએ ઘણું વિચાર્યું હતું. પરંતુ આખરે તેઓ એક લાગણીશીલ વ્યક્તિ હતા. તેઓ કાર્યનિષ્ઠ નહીં, પણ સિદ્ધાંતનિષ્ઠ હતા. તેમની સાથે વાત કરતી વખતે વ્યક્તિને લાગતું કે આપણે કોઈ મહાન વિભૂતિ સાથે વાત કરીએ છીએ.

લેખક લખે છે કે મને તો તેમની સામે આ લાગણીનો અનુભવ હંમેશાં થતો. આગળ તેમણે છેલ્લું એક વાક્ય આ લખ્યું છે કે "નહેરુ પોતાના વિચારો અને લાગણીઓને એટલી અસ્પષ્ટ રાખતા કે તે લોકોને અડધા ગાંડા કરી મૂકતા!"

હવે એ જ લેખક સરદાર પટેલ વિશે જે તલસ્પર્શી નિરીક્ષણ નોંધે છે તે જુઓ:"સરદારના ટેબલ પર કદી એક પણ ફાઈલ પડી નહોતી રહેતી. સાવચેતીપૂર્વક પસંદ કરાયેલા અધિકારીઓના મૌખિક અહેવાલો સાંભળીને જ તેઓ નિર્ણય લઈ લેતા. લેખક લખે છે કે એકવાર મારી ઉપસ્થિતિમાં જ કેટલાક ભાંગફોડિયા શીખ નેતાઓને પકડવા કે નહીં, તેવો સવાલ ચર્ચાયો. સરદારે ગૃહ સચિવ, દિલ્હીના મુખ્ય કમિશનર અને ગુપ્તચર શાખાના વડાને બોલાવીને કહ્યું: "પહેલાં તો મને નક્કર હકીકત કહો."

સરદારે તે બધાને ધ્યાનપૂર્વક સાંભળી લીધા. પછી તેમણે દરેકને પૂછ્યું કે "હવે તમે જ મને કહો કે તમારી શી સલાહ છે? મારે તમારાં કારણો નહીં, સૂચનો જોઈએ છે." ત્રણે અધિકારીઓએ પોતાનો અભિપ્રાય આપ્યો.

સરદારે એક મિનિટ માટે વિચાર્યું. પછી બોલ્યા: "કાલે સવારે તે નેતાઓને ગિરફતાર કરી લો!" લેખક આગળ લખે છે કે "સરદારની કાર્યપદ્ધતિમાં સૌથી અગત્યની પદ્ધતિ મેં આ મુજબ તારવી હતી: જ્યારે પણ કોઈ અભિપ્રાય રજૂ થતા, ત્યારે સરદાર તે અભિપ્રાયોને ખૂબ જ શાંતિથી સાંભળતા અને તેમાં સુધારવાનું કહેતા, તે પણ માત્ર આટલા જ શબ્દોમાં: એક, "તમે સાચા છો." બે, "તમે ખોટા છો. અને તેનું કારણ છે કે..." અથવા ત્રણ, "તમે અમુક અંશે જ સાચા છો..."

સરદારશ્રી માટે ગ્રીફિથ્સે ભલે આ શબ્દો લખ્યા હોય, પરંતુ તેમની સાથેના અંતેવાસીઓ મણિબહેન, સેક્રેટરી વી. પી. મેનન, આઈ.સી.એસ. અધિકારી એચ.એમ. પટેલ કે અન્ય દરેકનો એ અનુભવ રહેતો, જે લેખકે આ શબ્દોમાં લખ્યો છે: "સરદાર સાથેની દસ મિનિટમાં જે શીખવા મળતું, તે તેમના સાથીઓ સાથે કલાકોની મુલાકાતોમાં પણ શીખવા મળતું નહીં..."

તત્કાલીન કોંગ્રેસી નેતા અને પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું નિરીક્ષણ શું કહે છે? તેમણે લખ્યું હતું કે "અલગ અલગ સેંકડો સ્વતંત્ર અને અર્ધસ્વતંત્ર રજવાડાંઓ તત્કાલીન ભારતમાં હતાં. જેમણે હિંદની અખંડતા છિન્નભિન્ન કરવાનો ભય પેદા કર્યો હતો. આ બધાને એક કરવાનું સરદાર પટેલે જે કાર્ય કર્યું, તે એક એવી સિદ્ધિ છે, જેનો જોટો આ દેશના લાંબા અને ચડતીપડતી વાળા ઇતિહાસમાં ક્યાંય જડે તેમ નથી. અત્યંત ઝડપભેર, છતાં સહજપણે, બળના ઉપયોગ વિના દેશનું એકીકરણ થયું, તે સરદારની સંગઠન અને સમજાવટ શક્તિનો મહાન પરિચય છે..."

આજના રાજકીય વાતાવરણમાં તમામ વિરોધ પક્ષો એકજૂટ થઈને શું દેશને કે તેના વિકાસને કેન્દ્રમાં રાખી રહ્યા છે? કે પછી માત્ર અને માત્ર મોદી વિરોધને ?

આજના ભારતને તેઓ સરદાર પટેલ સંકલ્પિત ભારત તરફ દોરવા માટે એક પણ પ્રવૃત્તિ કરતા હોય, તેવો તમને ક્યાંય પણ આભાસ થાય છે? બિલકુલ તટસ્થ બુદ્ધિથી ઉત્તર આપજો. અને જો એવો આભાસ થાય, તો "સ્ટેચ્યુ ઓફ યુનિટી" જઈને સરદારના ચરણોમાં આભારની ચિઠ્ઠી મૂકી આવજો. કે "તમે શીખવેલા માર્ગ પર અમે માત્ર અને માત્ર દેશના હિતની જ ચિંતા કરીએ છીએ, નહીં કે અમારા પદની કે પક્ષની!"

અને હે વિરોધ પક્ષો! હે વિરોધ પક્ષના નેતાઓ! તમને જરા પણ એમ થતું હોય કે અમે સરદારશ્રીનાં જીવન સૂત્રો: "કર્મ એ જ મહત્ત્વાકાંક્ષા" અને "ભારતનું ગૌરવ એ જ અમારો કાર્યહેતુ" એ બાબતને અમે અંશ માત્ર પણ સમજ્યા નથી, અને અમારા પોતાના આચાર, વિચાર, વાણી કે વલણમાં તેમાંથી કંઈ પણ દેખાતું નથી, તો પણ જરા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" પાસે જઈને સરદારશ્રીના ચરણોમાં એક માફીપત્ર મૂકી આવજો, કે આપ જે રીતે પત્નીના મૃત્યુ પછી સ્થિર રહ્યા, નાકના દર્દના તકલીફ બે બે વર્ષ સુધી વેઠીને ઓપરેશન ટાળીને નાસિકની જેલમાં રહ્યા, કોંગ્રેસ સમિતિના સર્વોચ્ચ આદરનું પાત્ર બની વડાપ્રધાન પદના જાણે કે બિનહરીફ નેતા રહ્યા, અને આઝાદીની લડતના ધનુર્ધારી તરીકે ઇતિહાસની બેશરમ દીવાલો પર પરમેનેન્ટ નામ કોતરાવી ગયા, તેવા હે ધનુર્ધર, અમે તો તમારી દેશસેવાના વેધક અને પ્રભાવક તીરની પાછળનું પીંછું પણ નથી!!"

અને એ વાત કેટલી સાચી છે કે

"જય સરદાર" બોલવા માટે પણ કેટલી પાત્રતા જોઈએ??!!

હરે કૃષ્ણ શાસ્ત્રી

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205